# રાષ્ટ્રીય સેવા યોજના

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત

### સંલગ્ન કોલેજો દ્વારા

# ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

## " એક પૃથ્વી એક સ્વાસ્થ્ય "

# 11મો આંતરરાષ્ટ્રીય યોગદિવસ -૨૦૨૫

## 21જુન 2025 શનિવાર સવારે 6:00 થી 8:00

### સ્થળ: સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેશન સેન્ટર

### (SIECC), સરસાણા, ખજોદ ચોકડી પાસે, સુરત

21મી જૂનના રોજ વિશ્વભરમાં 11મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઊજવવામાં આવ્યો હતો. આ ઉજવણી સુરત શહેરના કન્વેન્શન સેન્ટર, સરસાણા, ખજોદ ખાતે રાજ્યના વન અને પર્યાવરણમંત્રીશ્રી મુકેશ પટેલની અધ્યક્ષતામાં ‘સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત’ થીમ અંતર્ગત વિશ્વ યોગ દિવસની જિલ્લાકક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને યોગ દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવાનો હતો.

આ ઉજવણીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટીના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા તેમજ વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તેમજ સુરત શહેરની કોલેજોના આચાર્યશ્રી તથા પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ મળીને કુલ ૩૭૦થી વધુ લોકોએ ભાગ લીધેલ હતો.

૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે જિલ્લા કક્ષાના યોગ દિનની ઉજવણીમાં માન.મંત્રી (રા.ક.), વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા શ્રી મુકેશભાઇ પટેલ, માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઇ દલાલ, માન. ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઇ મોદી, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્ય શ્રી મનુભાઇ પટેલ, માન. મ્યુ. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ , આઇ.એ.એસ., પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, આઇ.પી..એસ ,માન. કલેકટર ડો.સૌરભ પારધી, આઇ.એ.એસ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. સ્થાનિક મ્યુ. સદસ્યશ્રીઓ , મિડીયાના મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી યોગ કર્યા હતા. સુરત જિલ્લામાં યોગ દિવસની ઉજવણીમાં 3200થી વધુ સ્થળોએ અંદાજે 4.50 લાખથી વધુ નાગરિકો યોગમય બન્યા હતા. આ વિશાળ જનભાગીદારી યોગ પ્રત્યે લોકોમાં વધતી જાગૃતિ અને તેને દૈનિક જીવનનો ભાગ બનાવવાની ઈચ્છા દર્શાવે છે.


સામૂહિક યોગાભ્યાસ દ્વારા સમાજમાં સ્વાસ્થ્ય અને સુખાકારીનો સંદેશ ફેલાવવામાં આવ્યો, જે ‘એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ’ના વૈશ્વિક સંદેશને મૂર્તિમંત કરે છે. સામૂહિક યોગાભ્યાસ કાર્યક્રમ સુરતના નાગરિકોની એકતા અને સ્વાસ્થ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બન્યો હતો.


INTERNATIONAL DAY
OF YOGA 2025





INTERNATIONAL DAY
OF YOGA 2025
21 JUNE 2025








FIT
INDIA
















OF YOGA 2025




















**KBS Commerce & NATARAJ Prof. Sci. College, Vapi**

Celebrating Wellness Through Yoga. On the occasion of International Yoga Day, KBS & Nataraj College, Vapi organized a Yoga Practice Session on 20th June 2025 to promote physical fitness, mental clarity, and holistic well-being among students and staff.











## B.K.M Science College Valsad.

તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ બી. કે. એમ. સાયન્સ કોલેજ વલસાડ ખાતે વિશ્વ યોગ દિવસ ની ઉજવણી  ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.તખતસિંહ ગોહિલ સાહેબની આગેવાની હેઠળ કરવમાં આવી હતી. જેમાં એન. સી.સી., એન. એસ. એસ., નેવી તેમજ કોલેજના વિદ્યાર્થીઓ અને ટીચિંગ નોન ટીચિંગ ના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી યોગ દિનને સફળ બનાવ્યો હતો.આચાર્યશ્રીએ ઉપસ્થિત સર્વેને શુભકામનાઓ પાઠવી હતી યોગ ટીચર શ્રીમતિ  સોનલબેને   વિવિધ પ્રકારના પ્રાણાયામ અને યોગ વિશે માહિતી આપી યોગ કરાવ્યા હતા અંતમાં આભારવિધિ પ્રો.તુષારભાઈ દેસાઈએ કરી હતી.












## Akhand Anand Arts & Commerce College Surat

અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનાં એન.એસ.એસ. યુનીટ દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૫ ના દિને અખંડ આનંદ કોલેજમાં ૧૧મો 'આંતરરાષ્ટ્રીય યોગા દિવસ" નું સફળ આયોજન આચાર્યા ડૉ. રૂપાલીબેન શાહનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય ટ્રેનર તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થી માનનીય શ્રી સાગરભાઈ પટેલને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમણે યોગ વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી યોગા દ્વારા વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવામાં મોટો ફાળો આપ્યો હતો. કોલેજના સ્ટાફમિત્રો, એન.એસ.એસ. ના સ્વયંસેવકો અને કોલેજના ૩૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ યોગ, આસન અને પ્રાણાયમ વિષે માર્ગદર્શન મેળવ્યું હતું તેમજ યોગનું મહત્વ સમજ્યું હતું. કોલેજનાં અન્ય અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ સરસાણા કન્વેનશન હોલ, સરસાણા, સુરત મુકામે સુરત કલેકટરશ્રી દ્વારા આયોજીત યોગ કાર્યક્રમમાં જઈ ઉત્સાહભેર ભાગ લીધો.












## રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ,વાપી


રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ,વાપીમાં તા: 21/6/2025 ના રોજ 11 મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા.






## Shree J. B. Dharukawala Mahila Arts College Surat

શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા 11માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં કોલેજના આચાર્યશ્રી સ્ટાફ અને કોલેજની એન.એસ.એસ તેમજ અન્ય વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ યોગ દિવસની ઉજવણી કરી હતી.













## Government Arts And Science College, Dediyapada


તારીખ 21 જૂન 2025 ના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, દેડિયાપાડા ખાતે 11 માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી ડૉ.અનિલાબેન પટેલ દ્વારા આજના દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાલીમ પામેલ યોગા નિષ્ણાંત ઉર્વશીબેન વસાવા તથા યોગ સહાયક ખુશીબેન વસાવા દ્વારા યોગા કરવા અંગેની સામાન્ય સૂચનાઓ આપી હતી ત્યારબાદ તેમણે વિદ્યાર્થીઓ અને સ્ટાફને અલગ અલગ યોગાસનો પ્રત્યક્ષ કરીને બતાવ્યા અને દરેકની પાસે કરાવડાવ્યા સાથે સાથે દરેક યોગાસન કરવાના ફાયદા તેની મર્યાદાઓ અને તે કરવા માટેની ધ્યાનમાં રાખવાની સુચનાઓ સમજાવી હતી. સંપૂર્ણ કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડૉ. અનિલાબેન પટેલ મેડમના માર્ગદર્શન હેઠળ એન. એસ. એસના પી. ઓ. રમેશભાઈ વસાવા અને યોગના કૉર્ડિનેટર સંજયભાઈ પરમાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.









## Government Arts & Commerce College, Umargam, Bhilad, Valsad

સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ભીલાડમાં વિશ્વ યોગ દિવસે યોગાભ્યાસ કાર્યક્રમ યોજાયો. ભારતીય જ્ઞાન પરંપરામાં યોગ એક દર્શન છે. તેના આઠ વિભાગો છે. તેનાથી શારીરિક - માનસિક - આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. નાગરિકો અને વિદ્યાર્થીઓ જીવનમાં યોગનું મહત્વ સમજે - જીવન પદ્ધતિ તરીકે સ્વીકારે એ હેતુથી કૉલેજના આચાર્ય ડૉ. કે. એ. ભોયેના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં ૨૧/૦૬/૨૦૨૫નાં રોજ, વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગાભ્યાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યોગ પ્રશિક્ષક શ્રી ચિસિલભાઈ કોલી એ અષ્ટાંગ યોગ વિશે પ્રાથમિક માહિતી આપી હતી. ઓમકાર, પ્રાણાયામ, સૂર્યનમસ્કાર, મુદ્રાઓ, આસનો અને ધ્યાન જેવી યૌગિક ક્રિયાઓ કરાવવામાં આવી હતા. 59 વિદ્યાર્થીઓ, 19 સ્ટાફે યોગાભ્યાસનો લાભ લીધો હતો. કાર્યક્રમનું આયોજન NSS ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. નીલમ સેને કર્યું હતું.












MRD Arts and EELK Commerce College Chikhli Dist. Navsari


On 21st June 2025, International Yoga Day was celebrated with great enthusiasm M.R. Desai and E.E.L.Kosadiya Commerce Collage, Chikhli. The event was and dedication organized to raise awareness about the importance of yoga in daily life and to inspire people to adopt yoga as a tool for physical and mental wellness. The celebration was held under the guidance of the Gujarat State Yoga Board, in collaboration with District Prabhari-Patanjali Yogpith, and with students, faculty members, staff.and the active support of NSS volunteers.

Yoga a timeless gift of ancient Indian tradition, serves as a holistic approach to health, promoting harmony between body, mind, and soul. Recognized globally, International Yoga Day aims to promote awareness of the numerous physical and mental benefits of yoga. It serves as a call to embrace a disciplined lifestyle and inner peace in today's fast-paced and stressful world. The success of the event was greatly supported by the NSS (National Service Scheme) volunteers, who played a vital role in managing the arrangements, organizing participants, setting up yoga mats, maintaining discipline, and assisting guests. Their dedicated efforts ensured that the program ran smoothly and efficiently.

52 participants, including students, faculty members, staff, and enthusiastically took part in the event. The feedback as overwhelmingly positive, with many attendees expressing a desire for more such sessions in the future to continue building awareness about holistic health and wellness. through yoga. The International Yoga Day 2025 celebration not only a well-organized and Impactful event but also a meaningful step towards a healthier society. The insightful guidance of Shri Harishbhal Tandel, the support of Gujarat State Yoga Board( District Prabhari Patanjali Yogpith) and team, the selfless service of NSS volunteers all contributed to the success of the event.









**AJAY JANAKRAI SHAH NURSING INSTITUTE, VYARA, TAPI**

તાપી જિલ્લામાં ૨૧મી જુને ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામા આવી.જેમા અજય જનકરાય શાહ નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટ, વ્યારાના 60 જેટલા વિદ્યાર્થીઓ યોગમા જોડાયા હતા. ૨૧મી જૂન, ૨૦૨૫ના રોજ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં ઉલ્લાસપૂર્વક ભાગ લઈને "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ" ના સંદેશાને આગળ ધપાવે. 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને પણ સફળ બનાવ્યો.




## સરકારી વિનયન કૉલેજ, ઝઘડીયા(રાણીપુરા)

સરકારી વિનયન કોલેજ ઝઘડીયાના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તા. 21.06.2025ના રોજ આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આંતરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે કોલેજના અધ્યાપક ડૉ.બીના વીરે સૌ વિદ્યાર્થીઓને યોગ કરાવ્યા હતા. જેમાં પ્રાણાયામ, સૂર્યનમસ્કાર, તાડાસન, વૃક્ષાસન, ભૂજઙ્ગાસન, મકરાસન, સવાસન, ત્રિકોણસન, મયૂરાસન, પદ્માસન જેવા યોગ તેમજ હળવી કસરત કરાવી હતી. યોગાભ્યાસ પૂર્વે તેમણે યોગના મહત્વ વિશેની વાત કરી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના 38 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમજ સૌ સ્ટાફ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન ડૉ. જયેશ જી. પૂજારા સાહેબના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક શ્રી તેજસ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.








# SPB ENGLISH MEDIUM COLLEGE OF COMMERCE, SURAT

To mark the occasion of International Yoga Duy, SPB College organized a special yoga session on 21st June 2025 with the aim of promoting physical, mental, and emotional well-being among students and faculty members. This year's theme, "Yoga for One Earth, One Health," emphasized the interconnection between personal health and planetary sustainability, aligning ancient yogic practices with the modern need for environmental consciousness and global harmony.

The event witnessed enthusiastic participation from 95 attendees, including students, faculty, and staff members. Dr. Nitin Patel, a renowned yoga practitioner affihated with the Art of Laving Foundation and Ashutosh Hospital, Surat, was invited as the Resource Person. He was accompanied by Sarojben Sutaria and Sagarbhai Sakaria, who also contributed by guiding participants through various yoga practices. He conducted a comprehensive session on Yogasanas, sharing insights into the significance of various postures and breathing techniques. His guidance helped participants understand the practical and spiritual dimensions of yoga, fostering mindfulness and inner bulance,

The session began promptly at 8:00 AM and continued until 8:45 AM in the B.Ed. Hall. Participants actively engaged in the asanas and expressed a deep appreciation for the positive energy and calm the practice brought them. The event concluded with a vote of thanks, appreciating Dr. Nitin Patel for his inspiring session and all attendees for their active participation. The celebration not only strengthened awareness about yoga but also reinforced the commitment to a healthier, more harmonious way of living-both individually and globally.










## A. V. Patel Commerce College Bilimora

21 જૂન આંતરરાષ્ટ્રીય યોગા દિવસ ના રોજ કોલેજના વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની જાળવણીમાં યોગનો મહાત્મય સમજાય તે હેતુથી કોલેજના ઈનચાર્જ આચાર્ય ડૉ. સોનલ વસાવાના નેતૃત્વ હેઠળ તા. 20 જૂનના રોજ કોલેજના સેમિનાર હોલમાં સામાન્ય યોગ પ્રોટોકોલની પ્રેક્ટિસ યોજાઈ હતી જેમાં એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. પૂજા વાઘેલા દ્વારા વિવિધ યોગાસન કરાવી સાથે તેના મહત્વની માહિતી અપાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ જોડાઈ સ્વાસ્થ્ય માહિતી મેળવી હતી. પ્રોગ્રામ ઓફિસર ડો. ભાવેશ પચ્ચીગર દ્વારા યોગા દિવસની ઉજવણી નું મહત્વ અને તે દ્વારા આ દિશામાં જનજાગૃતિ ફેલાવવામાં વિદ્યાર્થીઓ પોતાનો યોગદાન કઈ રીતે આપી શકે તેની સમજ અપાય હતી. 21 જૂન આંતરરાષ્ટ્રીય યોગા દિન નિમિત્તે સવારે 6:30 કલાકે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તથા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વક્તવ્ય સાથે શરૂઆત કરી હતી. આયોજિત યોગા સેશનમાં યોગા ટ્રેનર કુમારી નમસ્વીના માર્ગદર્શન હેઠળ કોલેજના

સ્ટાફ મિત્રો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઉત્સાહભેર વિવિધ યોગાસનો કર્યા હતા. કાર્યક્રમના અંતે આજે તમામનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરી રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.










## J.Z.SHAH ARTS & H.P.DESAI COMMERCE COLLEGE - AMROLI, SURAT

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યાશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૨૧-૬-૨૦૨૫ને શનિવારના રોજ અગિયારમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. યોગ સંગમ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સવારે ૬:30 કલાકે અમરોલી કૉલેજનો સમગ્ર સ્ટાફ સભ્યો તેમજ અમરોલી કોલેજ ઉપરાંત માધવબાગ વિદ્યાભવન, એસ. એચ. ગજેરા સ્કૂલ, વી. બી. શાહ કોમર્સ કોલેજના એન.સી.સી. કેડેટ્સ અને સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓ મળી કુલ ૧૫૫ જેટલા અમરોલી કૉલેજ પરિવારના સભ્યો વર્ચ્યુલ માધ્યમથી સહભાગી થયા હતા. એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર્સ અને એન.એસ.એસ સ્વયંસેવકો સરસાણા, ખજોદ - સુરત ખાતે યોજાયેલ કાર્યક્રમ જોડાયા હતા. યોગ સંગમ કાર્યક્રમ બાદ મુખ્ય યોગ પ્રશિક્ષકો કિરણ કાક્લોતર અને જીજ્ઞા હડિયા ઉપસ્થિત રહી યોગાનું માર્ગદર્શન આપી યોગાના સ્ટેપ દર્શાવ્યા હતા. તે પ્રમાણે સૌએ યોગા અને વિવિધ આસનો કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે એસ. પી. બી. હાઈસ્કૂલના આચાર્યા કેયુરભાઈ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સંયોજક પ્રા. ડૉ. રુસ્તમ એન. સદરી અને સહ-સંયોજક પ્રા. ડૉ. સોનલ પી. જરીવાલા દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું. નિયમિત યોગ કરવાની પ્રતિજ્ઞા અને રાષ્ટ્રગાન કરી સૌ છુટા પડ્યા હતા.













## **શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ & કોમર્સ કોલેજ, અંકલેશ્વર**

તા.૨૧/૦૬/૨૦૨૫ના રોજ યોગદિવસનો કાર્યક્રમ કૉલેજ ખાતે આચાર્યશ્રી ડૉ.જી.કે.નંદાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. આ પ્રસંગે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.નિશાબેન વસાવાએ શાબ્દિક આવકાર આપ્યો હતો. આચાર્યશ્રી ડૉ. જી.કે.નંદા સાહેબે પ્રાસંગિક પ્રવચન આપતા યોગનું મહત્વ સમજાવ્યું હતું ત્યારબાદ યોગ શિક્ષક નીરવ પટેલ દ્વારા સૌને યોગ કરાવવામાં આવ્યા હતાં, જેમાં તેમણે વિવિધ યોગાસન અને પ્રાણાયમ કરાવ્યા હતા.આ પ્રસંગે કૉલેજના એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા ટીચીંગ-નોનટીચીંગ સ્ટાફ હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ.જગદીશ કંથારીઆએ કર્યું હતું. શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક ડૉ.મનેષ પટેલે આભારવિધિ કરી હતી.












## <u>સરકારી વિજ્ઞાન કોલેજ પારડી</u>

સરકારી વિજ્ઞાન કોલેજ પારડી ખાતે 21 જુન 2025ના રોજ 11મો આંતરરાષ્ટ્રીય યોગ  દિવસ નિમિત્તે “યોગ સંગમ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ દિવસ અંગે પ્રાસંગિક ઉદબોધન સરકારી વિજ્ઞાન કોલેજ પારડીના આચાર્યશ્રી ડૉ. હેતલબેન એસ. ટંડેલ દ્વારા રજુ કરવામાં આવ્યું. તેમણે યોગના મહત્વને સમજાવી વિદ્યાર્થીઓને “વન નેશન વેન હેલ્થ” માટે પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ એન.એસ.એસ કોર્ડિનેટર શ્રી સંકેત પટેલએ વિદ્યાર્થીઓને પદ્માસન, વજ્રાસન, ચક્રાસન, શવાસન, મયૂરાસન વગેરે યોગાસનો કરાવવામાં આવ્યાં હતા. ત્યારબાદ એન.એસ.એસ સ્વયંસેવકો દ્વારા સૂર્યનમસ્કારનાં ફાયદા જણાવી ઉપસ્થિત તમામને સૂર્યનમસ્કાર કરાવવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમમાં કોલેજના માનનીય આચાર્યશ્રી ડૉ. હેતલબેન એસ. ટંડેલ મેડમ, એનએસએસના પ્રોગ્રામ ઓફિસર મ.પ્રા. સંકેત પટેલ, તમામ સ્ટાફ મિત્રો અને એનએસએસના 60

જેટલા સ્વયંસેવકો-સેવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ સ્વયંસેવકોએ “વન નેશન વેન હેલ્થ” ના શપથ લીધા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. હેતલબેન ટંડેલ મેડમના માર્ગદર્શન હેઠળ કોલેજના એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર સંકેત પટેલ તથા અંગ્રેજી વિભાગનાં મદદનીશ પ્રાધ્યાપક નિકુંજ લાડ એ કર્યું હતું.










## M.B GOHIL COLLEGE OF PHYSIOTHERAPY NAVSARI

એમ.બી.ગોહિલ કોલેજ ઓફ ફીઝીઓથેરાપી, નવસારી ખાતે 21 જુન 2025ના રોજ 11મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે “યોગ સંગમ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.










## <u>સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા</u>

સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના અને સ્પોર્ટ્સ વિભાગ અંતર્ગત "યોગ સંગમ" આધારિત સામૂહિક યોગ કાર્યક્રમ યોજાયો, જેમાં તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યોગ સંગમમાં જોડાયા, કોલેજના આચાર્યશ્રી ડૉ.વાય.જે. મિસ્ત્રી તથા પ્રા.મહેશ ગવળી દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરી યોગ પ્રાણાયામ કરવામાં આવ્યા, સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ.અનિલ એસ ચૌધરી તથા ડૉ. વૈશાલીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું, અંતે રાષ્ટ્રીય ગાન સાથે કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો.



## શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ,

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ એન.એસ.એસ. યુનિટ દ્વારા ૨૧/૬/૨૦૨૫ના રોજ સંસ્કાર કેન્દ્ર કોલેજ કેમ્પસ, તીથલ રોડ, વલસાડ ખાતે આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં એન.એસ.એસ. વોલ્યુન્ટીયર્સ, સ્ટાફમિત્રો તથા એન.સી.સી કેડેટ્સ, સ્પોર્ટસના વિદ્યાર્થીઓ મળી કુલ ૧૩૨ જેટલા સભ્યોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઇ જુદા જુદા યોગાસનો કર્યા હતા. ગુજરાત સરકારશ્રીના ગુજરાત યોગ બોર્ડના વલસાડ એકમના સીનીયર યોગા ટીચર શ્રી નિલેશભાઈ કોસયારી સાહેબે તેમની ટીમના સભ્યો સાથે સંસ્કાર કેન્દ્ર ખાતે હાજર રહી સવારે ૭.00 કલાકથી ૮.30 કલાક સુધી જુદા જુદા યોગાસનો જેવા કે તાડાસન, વૃક્ષાસન, ભુજગાસન, અર્ધહલાસન, નવાસન, વગેરે જુદા જુદા યોગાસનો હાજર સભ્યોને કરાવ્યા હતા તે દરેક આસન મહત્વ વિશે પણ સમજાવ્યું હતું. કોલેજના એન.સી.સી. કમાન્ડર ડૉ. મુકેશભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી બાદ કેમ્પસ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ વલસાડ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના સહયોગથી સંપન્ન કરવામાં આવ્યો હતો.







## Z.F.Wadia Womens College and N.K.Johta College Of Commerce Surat

આજ રોજ તારીખ ૨૧/૦૬/૨૦૨૫ ૧૧ માં વિશ્વ યોગ દિવસ નિમિત્તે ઝેડ. એફ. વાડિયા વુમન્સ કોલેજ અને એન.કે. ઝોહટા કોલેજ ઓફ કોમર્સ માં એન. એસ.એસ વિભાગ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું .

**૧.** જેમાં તારીખ ૧૯/૬/૨૦૨૫ તેમજ ૨૦/૬/૨૦૨૫ ના રોજ વિદ્યાર્થીનીઓ દ્વારા યોગા તેમજ સૂર્યનમસ્કાર ની તાલીમ લેવામાં આવી હતી . આ તાલીમ શ્રીમતી શેફાલીબેન પટેલ દ્વારા આપવામાં આવી હતી જેઓ ગુજરાત યોગ બોર્ડ માં તાલીમ આપતા કોચ છે . તેમણે વિદ્યાર્થિનીઓ ને યોગ દ્વારા મેદસ્વિતા કઈ રીતે નિવારી શકાય તે અંગે પણ માર્ગદર્શન આપેલ હતું . જેથી ૧૧ માં યોગદિવસ ની થીમ " મેદસ્વિતા અને યોગ " અંગે વિદ્યાર્થિનીઓ યોગ્ય માહિતી મેળવી શકે .

**૨.** વિદ્યાર્થીનીઓ દ્વારા ઘર - પરિવાર ના સભ્યો સાથે પણ યોગ કરી સેલ્ફી, ફોટોસ તેમજ રિલ્સ બનાવી હતી .

**૩.** તારીખ ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ સંસ્થા માં પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ ગઈ જેમાં વિદ્યાર્થીનીઓએ યોગા થીમ પર વિવિધ પોસ્ટરસ બનાવામાં આવ્યા હતા .

**૪.** તારીખ ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ સવારે ૬:૦૦ કલાકે ઈ. ચા આચાર્ય શ્રી જયેશકુમાર ચૌહાણ , એન. એસ. એસ પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા મદનસિંહ દેસાઈ , ડૉ. કૃતિ ત્રિવેદી , ડૉ. કલ્પેશ ચોપરા તેમજ સમગ્ર સ્ટાફગણ અને મોટી સંખ્યા માં વિદ્યાર્થિનીઓ હાજર રહી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું યોગ અંગે નું વક્તવ્ય સાંભળ્યું હતું . તેમજ કઈ રીતે યોગ દ્વારા " ME TO WE " ની સફર સાધી શકાય છે તે અંગે સમજ વિકસિત કરી હતી .

**૫.** ત્યારબાદ ૮૫ જેટલી વિદ્યાર્થિનીઓ તેમજ આચાર્યશ્રી અને સમગ્ર સ્ટાફ મિત્રોએ શ્રીમતી શેફાલીબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ સૂર્યનમસ્કાર , પ્રાણાયામ તેમજ યોગા કરેલ હતા.












## <u>સરકારી વિજ્ઞાન કોલેજ, આહવા, જિ. ડાંગ</u>


સરકારી વિજ્ઞાન કોલેજ આહવા અને સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ આહવા ના સંયુક્ત ઉપક્રમે અગ્યારમાં આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અત્રેની સરકારી વિજ્ઞાન કોલેજ આહવા-ડાંગ ના સેમિનાર હોલ ખાતે કરવામાં આવેલ જેમાં બન્ને કોલેજના તમામ અધ્યાપકશ્રીઓ તેમજ સમગ્ર સ્ટાફ હાજર રહી યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ.

તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ સવારે ૬.૧૫ કલાકે સમગ્ર સ્ટાફ સેમિનાર હોલ ખાતે પહોંચી પોત પોતાના સ્થાને ગોઠવાઇ જઇ નેશનલકક્ષાના યોગ 'ડે' નું લાઇવ ટેલીકાસ્ટનું નિદર્શન નિહાળ્યા બાદ યોગ ડે ઉજવવામાં આવ્યો જેમાં યોગ પ્રોટોકોલ મુજબ યોગ કરાવવામાં આવ્યા.ઉપસ્થિત સર્વે યોગ તેમજ પ્રાણાયમ કરી ૮:૦૦ કલાકે લીંબુ સરબત લઇ છુટા પડ્યા હતા.













<u>હસમુખલાલ રાયચંદ શાહ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારી</u>

હસમુખલાલ રાયચંદ શાહ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારી દ્વારા 21-6-2025 ને શનિવારના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના ઇન્ચાર્જ આચાર્ય શ્રીમતી વર્ષાબેન પટેલ, કોલેજના વાઇસ પ્રિન્સિપાલ ડૉ. ગીરીશભાઈ વાઘેલા સાહેબ, શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.








**<u>Sir P T Sarvajanik College of Science (Autonomous), Surat</u>**

Sir P T Sarvajanik College of Science (Autonomous), Surat participateed in Collaboration with MTB Arts College all the three units of VNSGU,Sports, NSS and NCC with the students and Teaching and Administrative staff took part in Yoga Day on 21-06-2025 at 7:15 am. I thank all the respective authority to give us chance to organise the Day.










## Government Science College, Varachha,

The National Service Scheme (N.S.S.) unit of Government Science College, Varachha, Surat, celebrated the 11th International Yoga Day on 21st June 2025 with great enthusiasm and participation, The event aimed to spread awareness about the benefits of yoga for physical and mental well-being The event was organized under the theme "YOGA FOR ONE EARTH ONE HEALTH"

The program commenced early in the morning with a brief introduction about the significance of Yoga Day, followed by a mass yoga session under the guidance of trained

instructors. Students and staff actively participated and performed various asanas including Surya Namaskar, Pranayama, and meditation techniques.

Principal Dr. Bhadresh H. Parmar appreciated the efforts of the N.S.S. team and highlighted the Importance of incorporating yoga into daily life. N.S.S. Programme Officer Mr. Bhavnesh C. Baldaniya coordinated the entire event smoothly and encouraged students to make yoga a regular practice.

The celebration concluded with a pledge to adopt a healthier lifestyle. Overall, the event was a great success, fostering discipline, focus, and inner peace among the participants.













## Prof. V. B. Shah Institute of Management, R.V. Patel College of Commerce (English Medium), V. L. Shah College of Commerce ( Gujarati Medium) and Sutex Bank College of Computer Applications & Science

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી સેલ્ફ-ફાઈનાન્સ કોલેજ દ્વારા ૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓએ સક્રિયપણે ભાગ

લીધો હતો. કુલ 88 સહભાગીઓએ યોગ દ્વારા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારીને પ્રોત્સાહન આપવાના હેતુથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનું સંકલન પ્રાધ્યાપક જયોતિકા ટેલર તથા NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેન્કા દ્વારા કોલેજના પ્રિન્સિપાલ, શ્રી ડૉક્ટર મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સત્રની શરૂઆત દૈનિક જીવનમાં યોગના મહત્વ પર એક ટૂંકા સંબોધન સાથે થઈ હતી. ત્યારબાદ યોગ ટ્રેનર અને અમારી જ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી નારાયણ દ્વારા સહભાગીઓને વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાન તકનીકોનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જે તમામ ઉત્સાહ અને સમર્પણ સાથે કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલી માટે યોગને દૈનિક દિનચર્યામાં સામેલ કરવાના સામૂહિક સંકલ્પ સાથે સમાપ્ત થયો હતો. આ ઉજવણીએ યોગના મહત્વ વિશે જાગૃતિ સફળતાપૂર્વક કેળવી અને કોયોગની ભાવના મજબૂત બનાવી.










## <u>અંબાબા કોમર્સ કોલેજ મણીબા ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન</u>

અંબાબા કોમર્સ કોલેજ મણીબા ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન. તારીખ 21 જૂન 2025 ના દિવસે 11 મો વિશ્વ યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. આ વિશ્વ યોગ દિવસ નું સંચાલન કોલેજના આચાર્યશ્રી ડો. ફાલ્ગુની એમ ઠક્કર ના માર્ગદર્શન હેઠળ યોગાના કોર્ડીનેટર ડો. મેહુલ પી. ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં જુદા જુદા યોગા તેમજ પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા. વિશ્વ યોગ દિવસે પ્રોગ્રામ ઓફિસર ડો. તેજસ શાહ , સ્ટાફ સભ્યો તેમજ વિદ્યાર્થીઓ  હાજર રહ્યા હતા.






## જે. પી. પારડીવાલા આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, કિલ્લા-પારડી

જે. પી. પારડીવાલા આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, કિલ્લા-પારડી માં તા.-૨૧/૦૬/૨૦૨૫ ના રોજ ૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉમંગભેર અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. યોગના ઐતિહાસિક અને આરોગ્યપ્રદ જીવનશૈલી માટેના તેના ફાયદા અંગે જાગૃતિ ફેલાવવાનો ઉદ્દેશ રાખી કૉલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી ડૉ. ગંગાબેન પટેલના માર્ગદર્શના હેઠળ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

જેમાં યોગ ગુરૂ તરીકે જાગૃતિબેન દેસાઈ, સંદિપભાઈ દેસાઈ, મિતેશભાઈ બ્રહ્મભટ્ટ, સુહાસભાઈ અને વિશ્રામભાઈ ટંડેલ હાજર રહ્યા હતા. વિશ્વ યોગ દિવસે કૉલેજના વિદ્યાર્થીઓને યોગ વિશેની સંપૂર્ણ માહિતી આપી અને દરેક યોગાસન કરાવવામાં આવ્યા અને સાથે સાથે દરેક આસનનું મહત્વ પણ સમજાવવામાં

આવ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે કૉલેજના તમામ સ્ટાફે પણ ઉત્સાહભેર યોગ દિનના કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો. કાર્યક્રમની આભારવિધિ ડૉ. હેતલ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શારિરીક શિક્ષણના પ્રાધ્યાપક જીતેન્દ્રકુમાર ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું.










## Shri I. K. Chavda Gram Vidhyapith Anklav

શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ-કહાનવાડી માં આજ રોજ તા.૨૧ જુન ૨૦૨૫ ના રોજ “૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" નું આયોજન કરવામાં આવેલ "યોગ સંગમ" કાર્યક્રમ ગ્રામ વિદ્યાપીઠના પરિસરમાં સંસ્થાના પૂર્વ ઈ.ચા.આચાર્યશ્રી કેતનભાઈ પટેલ, યોગ નિષ્ણાત શ્રી સુરતસિંહ પઢિયાર સાહેબ, હિસાબનીશ શ્રી પટેલ રાજ, સંદેશાવાહકશ્રી સુરેશભાઈ ગામીત, અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ 5 દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં લગભગ ૩૯ વિદ્યાર્થીઓ તથા ૮ કર્મચારીઓએ ભાગ લઈ ખૂબ જ ઉત્સાહ, ઉલ્લાસ અને મનોરમ્ય વાતાવરણમાં સૌએ વિવિધ પ્રકારના યોગ કર્યા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી કલ્પેશ રાજ સાહેબ તથા શ્રી સુનીલભાઈ પઢીયાર સાહેબ દ્વારા કરવામાં આવ્યું.










## <u>સરકારી વિનયન કોલેજ, કપરાડા.</u>

તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ ૧૧મા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અત્રેની સંસ્થાના આચાર્યશ્રી, ૦૯ સ્ટાફ મિત્રો અને ૫૭ જેટલા વિદ્યાર્થી ભાઇઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સર્વ પ્રથમ સંસ્થાના પી.ટી.આઈ.શ્રી એસ.એન.ટંડેલ સાહેબે સર્વેને આવકાર્યા અને વિશ્વ યોગ દિવસની શુભેચ્છા પાઠવી હતી. ૧૧ મા વિશ્વ યોગ દિવસને 'યોગ સંગમ' કાર્યક્રમને તરીકે ઉજવવાનું આયુષ મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવ્યું. જેની થીમ YOGA FOR ONE EARTH ONE HEALTH રાખવામાં આવી હતી. યોગ સંગમ અંતર્ગત યોગ વિષેની માહિતી આપતા જણાવ્યું હતું કે, યોગની સાધના દ્વારા જ આપણે શારીરિક, માનસિક અને આધ્યામિક વિકાસ તરફની દિશામાં આગળ ગતિ કરી શકીએ છીએ. ત્યારબાદ હળવી ઉષ્માપેરક કસરતો બાદ યોગાભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં ઊભા રહીને કરવાના, બેસીને કરવાના, પેટના બળે અને પીઠના બળે કરવાના આસનો કરાવ્યા હતા. અંતમાં પ્રાણાયામ અને ધ્યાન કરી સંસ્થાના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. પ્રફુલભાઈ બી.કુરકુટિયા સાહેબે પધારેલ સર્વને વિશ્વ યોગ દિવસની શુભેચ્છા પાઠવી પોતાના પ્રસંગોચિત ઉદબોધનમાં યોગા ભ્યાસ ને પોતાના દૈનિક જીવનમાં સામેલ કરવા પ્રોત્સાહિત કર્યાં. વિદ્યાર્થી જો પોતાના જીવનમાં યોગના અભ્યાસ કરે તો ચિંતાથી


મુક્ત થાય અને પોતાના અભ્યાસમાં ધ્યાન દ્વારા એકાગ્રતા કેળવી શકે છે તેમ જણાવ્યું. ત્યારબાદ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.







## શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત

શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત દ્વારા તારીખ 21 જૂન 2025 ના રોજ સવારે 7:00 કલાકે વિશ્વ યોગ દિવસ માટેની યોગની પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. આજે યોગ ડે ના દિવસે યોગ શિક્ષક શ્રી ધર્મેશભાઈ મહેતા દ્વારા યોગની પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી.તેમજ અમારા જ કોલેજની એમ. કોમ. સેમ -4 યોગ નેશનલ લેવલ ચેમ્પિયન વિદ્યાર્થીની ઈશા રાઠોડે વિવિધ યોગ આસનો કરાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડો. રોશન એસ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ડો.અસ્મિતા પાનસુરીયા અને ડો કુણાલ રાજપુત દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં યોગના વિવિધ આસનો દ્વારા યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.


GPS Map Camera
Surat, Gujarat, India
6r9r+gqj, Sumul Dairy Rd, Tunki, Patel Nagar, Surat, Gujarat 395008, India
Lat 21.218771° Long 72.8419°
21/06/2025 08:01 AM GMT +05:30
Google


GPS Map Camera
Surat, Gujarat, India
110, Sahyog Society, Tunki, Katargam, Surat, Gujarat 395004, India
Lat 21.21874° Long 72.841958°
21/06/2025 08:45 AM GMT +05:30
Google

# <u>સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ફોર્ટ-સોનગઢ જિ.તાપી</u>

સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ફોર્ટ-સોનગઢ જિ.તાપીના ઉપક્રમે આજ તા. ૨૧/૦૬/૨૦૨૫ શનિવારના રોજ ૧૧મા "વિશ્વયોગ દિવસ"ની ઉજવણી સોનગઢ કોલેજના લોબીમાં કરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજેશભાઇ પટેલ સાહેબની અધ્યક્ષતામાં યોજાયેલ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના અને કોલેજના એન.એસ.એસના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સહભાગી બન્યા. જેમાં પી ટી.આઈ શાંતારામ ભોયે સાહેબ દ્વારા યોગ લીડરની ભૂમિકા પૂરી પાડવામાં આવી હતી. ઉપરાંત કોલેજના સ્ટાફ, અન્ય શાળાઓના સ્ટાફ અને વિદ્યાર્થીઓ, વાલીમિત્રો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સરકારશ્રીના પ્રોટોકોલ મૂજબ કરવામાં આવ્યું હતું. જેમાં યોગની ક્રિયાઓ અને યોગાસન કરવામાં આવ્યું. પછી યોગ દિવસની શપથ લેવડાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજના એન.એસ.એસ વિભાગના દેખરેખ હેઠળ યોજવામાં આવ્યો હતો.












## ધ અંકલેશ્વર પ્રોગ્રેસિવ ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ


ધ અંકલેશ્વર પ્રોગ્રેસિવ ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડમાં તારીખ:-21/06/2025 ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત યોગાસનનું આયોજન સવારે 6:30 કલાકે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાત રાજ્યના માનાનીય મુખ્યમંત્રી અને દેશના માનનીય વડાપ્રધાનશ્રીના યોગ પ્રેરક ઉદબોધનથી સૌ લાભાન્વિત થયા હતા. આ કાર્યક્રમ કોલેજના ઇ.આચાર્યશ્રી ડૉ. ઇન્તેખાબ અન્સારી સાહેબની અધ્યક્ષતામાં અને કોલેજના અધ્યાપકોની ઉપસ્થિતમાં સામૂહિક યોગ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ, કોલેજના ઇ.આચાર્ય તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ એમ કુલ 52 વ્યક્તિઓ ઉત્સાહ સાથે સહભાગી થયા હતા. આ કાર્યક્રમ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે અને એક પૃથ્વી એક સ્વાસ્થ્ય'ની વિભાવનાને સાકાર કરવા માટે રાખવામાં આવેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કૉલેજના પ્રાધ્યાપિકા અને કાર્યક્રમના કોર્ડીનેટર ડૉ.ધર્મીબેન પટેલ અને ડૉ. પલ્લવીબેન કાપડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટનાં મંત્રીશ્રી મહમદ ભૈયાત સાહેબ અને પ્રમુખશ્રી આરીફભાઈ વજીફદાર સાહેબે વિશ્વ યોગ દિવસની સૌને શુભેચ્છા પાઠવી હતી.









**R. P. Chauhan Arts and Smt. J. K. Shah and Shree K. D. Shah Commerce College, Vyara.**

આર.પી.ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે.શાહ એન્ડ શ્રી કે.ડી શાહ કોમર્સ કોલેજ ખાતે 21 જુન 2025ના રોજ 11મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે "યોગ સંગમ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.













**KBS Commerce & Nataraj Professional Science College**

KBS & NATARAJ College, Vapi Celebrated "International Day of Yoga" on 21st June with a collective spirit of mindfulness and well-being. Embracing the global theme "Yoga for One Earth, One Health," the event reflected our commitment to a healthier self and a sustainable planet.









## Shri Saraswati Hindi Mahavidhyalay Surat

દર વર્ષે ૨૧ જૂને, સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવે છે. તે ફક્ત એક તારીખ કે ઔપચારિક દિવસ નથી, પરંતુ ભારતીય જ્ઞાન પરંપરાની વૈશ્વિક સ્વીકૃતિનું પ્રતીક બની ગયું છે. ૨૦૨૫ માટે યોગ થીમ છે. "દરેક ઘરમાં યોગ, દરરોજ યોગ"
યોગ આપણને પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવાનું શીખવે છે. જ્યારે વ્યક્તિ અંદરથી શાંત હોય છે, ત્યારે તે બહારની દુનિયાને સુંદર બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. યોગ એક આધ્યાત્મિક શિસ્ત છે, જે આપણી આંતરિક ઊર્જા જાગૃત કરે છે, માનસિક શાંતિ આપે છે અને શારીરિક શક્તિ પ્રદાન કરે છે. યોગ આપણને આધ્યાત્મિકતા તરફ લઈ જાય છે. તારીખ ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલયમાં "વિશ્વ યોગ દિવસ" ઊજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી વીરેન્દ્ર શારદા અને યોગ શિક્ષક શ્રી હની મનોજભાઈ સોલંકી હાજર રહ્યા હતા. શ્રીમતી શ્યામલી બરગલે દ્વારા તેમનું ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે વિવિધ આસનો અને પ્રાણાયામનું વ્યવહારુ જ્ઞાન આપ્યું અને યોગાસનના ફાયદાઓ વિશે પણ માહિતી આપી. બધા વિદ્યાર્થીઓએ એક નવી ઊર્જા સાથે યોગાસન કર્યું. કાર્યક્રમનો અંત રાષ્ટ્રગીત સાથે થયો.







## SPB PHYSIOTHERAPY COLLEGE

International yoga day was celebrated with enthusiasm in SPB Physiotherapy College on 21 st June 25, timing was 7.00am onwards and venue was multipurpose hall.cyp was implemented. A video message from hon'ble Prime Minister "Narendra Modi" was played, highlighting the significance of yoga in promoting physical and mental well-being. As part of the event, 80 participants, including 60 students and 20 staff members, came together to practice yoga early in the morning at 7 am, embracing its benefits for holistic health and wellness. Post- yoga, photos were shared, capturing the spirit of unity and wellness that the event fostered.







